**રેગ્યુલર દિવાની મુકદમા ક્રમાક: ૨ / ૨૦૧૮**

**<u>પ્રતિવાદી નં ૩–૪ ની આંક ૧૫ થી રજુ દિવાની કાર્યરીતિ સંહિતા હુકમ ૧ નિયમ ૯ તથા દિવાની કાર્યરીતિ સંહિતા ૭ નિયમ ૧૧ હેઠળની અરજી લગત હુકમ:–</u>**

(૧) વાદી દ્વારા હાલનો દાવો તા.૧૭.૦૧.૨૦૧૮ ના રોજ રજુ રાખેલ છે. તેમજ દાવા અરજીમાં દાવા અંગેનું કારણ ટુંકમાં ધ્યાને લેવામાં આવે તો બ્લોક નં.૧૦૮ પૈકી પ્લોટ નં.૧૩ થી ૨૬ વાળી મિલ્કતને લાગુ રસ્તાનો વપરાશ ઉપભોગ કરતા આવેલ અને પ્રતિવાદી નં ૧ – ૨ દ્વારા રસ્તાના વપરાશ અંગે વધુ રકમની માંગણી કરતા તેમજ પ્રતિવાદી નં ૩–૪ ના દ્વારા વાદીને તા.૦૯.૦૧.૨૦૧૭ ના રોજ અટકાયત, અડચણ ઉભી કરતા હાલનો દાવાનું કારણ ઉત્પન થયેલ છે.

(૨) વધુમાં વાદી દ્વારા ઉપર મુજબના રસ્તાના વપરાશનો હક્ક રહેલ હોય તેમ જણાવી તે અનુસંધાને દાવા અરજીમાં દાદની માંગણી કરેલ છે.

(૩) ઉકત હકીકત અનુસંધાને દાવા અરજી ધ્યાને લેતા વાદી દ્વારા પ્રતિવાદી નં.૩ તરીકે રીજીઓનલ મેનેજર શ્રી બેન્ક ઓફ બરોડા ઘોડદોડ રોડ,સુરત તેમજ પ્રતિવાદી નં.૪ તરીકે મેનેજરશ્રી બેન્ક ઓફ બરોડા, ખટોદરા સબજેલ શાખા, ખટોદરા, સુરતનાને જોડેલ છે.

(૪) ઉકત બંને પ્રતિવાદીઓ દ્વારા હાલની અરજી રજુ રાખી રજુઆત કરેલ છે કે, દાવા અરજી ધ્યાને લેતા પ્રતિવાદી નં ૩ –૪ જરૂરી પક્ષકાર નથી કારણ કે, દાવાનું કારણ ઉત્પન થયા અગાઉ પ્રતિવાદી બેંક દ્વારા વાદવાળી મિલ્કત The Securitisation and Reconstruction of Financial Assets and Enforcement of Securities Interest Act, 2002 હેઠળ વેચાણ કરી દિધેલ છે તેમજ તા.૦૬.૧૨.૨૦૧૭ મા રોજ સેલ સર્ટીફીકેટ પણ બેંક દ્વારા ઈસ્યુ કરી દેવામાં આવેલ છે. આમ, મિલ્કતના મુખ્ત્યાર અને કબ્જેદાર બેંક રહેલ નથી. વધુમાં ઉકત કાયદાની કલમ  ૩૪ ,૩૫ નો બાધ નડતો હોવાનું તેમજ કલમ ૧૭ મુજબ અપીલ કરવાની જરૂરીયાત હોવાનું તેમજ દીવાની અદાલતને હકુમત રહેતી ના હોવાની રજુઆત કરેલ છે. આમ, ઉકત વિગતે દાવો રદ કરવા વિકલ્પે પ્રતિવાદી નં ૩–૪ ને પક્ષકાર તરીકે ડીલીટ કરવા રજુઆત કરેલ છે.

(૫) ઉકત હકીકતે કાયદાકીય જોગવાઈઓ તથા દાવાની હકીકતોને લક્ષમાં રાખી દાવાનું રેકર્ડ જોવામાં આવે તો વાદી દ્વારા હાલનો દાવો તા.૧૭.૦૧.૨૦૧૮ ના રોજ દાવો દાખલ કરેલ છે પરંતુ પ્રતિવાદી નં.૩–૪ દ્વારા તા.૨૦.૧૨.૨૦૧૭ ના જાહેર હરાજીથી મિલ્કતનું વેચાણ કરી દીધેલ અને તે અંગેનું વેચાણ પ્રમાણપત્ર પણ તા.૦૬.૧૨.૨૦૧૭ ના રોજ આપી દેવામાં આવેલ છે. આમ, દાવાની તારીખે પ્રતિવાદીનં ૩–૪ નું વાદવાળી

મિલ્કતમાં કોઈ હિત હોવાનું જણાઈ આવતુ નથી. આ ઉપરાંત દાવા અરજી ધ્યાને લેવામાં આવે તો વાદી દ્વારા તા. ૦૭.૦૫.૨૦૧૩ ના રોજના દસ્તાવેજથી પ્રતિવાદી નં.૨ પાસે પ્લોટ ખરીદ કરેલ ત્યારે પ્લોટ નં.૧૩ થી ૨૬ માં રસ્તાનો વપરાશ કરી શકશે તેવુ નક્કી કરી પ્લોટ વેચાણ કરેલ હોવાનું જણાવે છે.

વધુમાં પ્રતિવાદીની હાલની અરજી પરત્વે વાદીનો જવાબ વંચાણે લેવામાં આવે તો વાદી દ્વારા એવી રજુઆત કરવમાં આવેલ છે કે, હાલની તકરાર રસ્તા અંગેની છે તેમજ મોર્ગેજ મિલ્કતનો દાવો નથી. આથી સરફેસી કાયદાની જોગવાઈઓનો બાધ નડતો નથી. જયારે બીજી બાજુ તેઓના અરજીના જવાબમાં એવી રજુઆત કરે છે કે, સીકયોરડ એસટસ છે કે કેમ? તે પુરાવાનો વિષય છે. આમ, વાદી જયારે ફકત રસ્તાની તકરાર હોવા અંગે દાવો લાવેલ હોવાનું કહેતા હોય ત્યારે જે મિલ્કતમાંથી રસ્તા અંગેના હકકની માંગણી કરી રહેલ છે તે મિલ્કત પ્રતિવાદી નં.૩-૪ પાસે મુળ માલીકે સીકયોરડ એસટસ પેટે લોન સમયે મુકેલ કે કેમ? તે હકીકતને દાવાની વિષય-વસ્તુ બનાવી શકે નહી. તેમજ વાદી દ્વારા તે મતલબનો પ્રયત્ન કરવામાં આવે તો અત્રેની અદાલતની હકુમતને કાયદાકીય જોગવાઈઓનો બાધ નડવા પામે.

(૭) આમ, ઉકત સમ્રગ હકીકતો ધ્યાને લેવામાં આવે તો પ્રતિવાદી બેંક એ રાષ્ટ્રીયકૃત નાણાકિય સંસ્થા છે. તેમજ નાણાકિય સંસ્થા દ્વારા ધીરાણ આપવામાં આવે ત્યારે સંસ્થાને સામાન્ય રીતે કોઈપણ મિલ્કતમાં પોતાના લેણાંની સીકયુરીટી સીવાય કોઈ અંગત હક્ક કે હિત હોતું નથી. તેમજ હાલના કામે બેંક દ્વારા સરફેસી કાયદા હેઠળ મળેલ હક્ક અને સત્તાની રૂઈએ હાલ દાવામાં જણાવેલ મિલ્કત ટાંચમાં લીધેલ અને યોગ્ય પ્રકિયા કરી દાવા પુર્વે વેચાણ કરી દીધેલ છે તે દાવામાં જણાવેલ મિલ્કત કે તેના રસ્તામાં તથા તે અંગે કરવામાં આવેલ દાવામાં પ્રતવાદી નં.૩-૪ ને કોઈ હકક-હિત રહેતુ નથી. વધુમાં વાદીને પ્રતિવાદી નં.૩-૪ દ્વારા કરવામાં આવેલ વેચાણ અંગેની કોઈ તકરાર હોય તો અત્રેની અદાલતને કોઈ હકુમત નથી. તેમજ રસ્તા તકરારની અંગે બેંકનું મિલ્કતમાં કોઈ હિત ના હોય બેંક જરૂરી પક્ષકાર ન હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. તેમજ પ્રતિવાદી નં.૩-૪ રાષ્ટ્રીયકૃત નાણાકીય સંસ્થા હોય તેઓને હાલના દાવાના કામે બીનજરૂરી રીતે પક્ષકાર તરીકે ચાલુ રાખવાથી જાહેર નાણાં તથા જાહેર સમયનો વ્યય થવા સંભવ હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે.

(૮) વધુમાં પ્રતિવાદી દ્વારા દાવા અરજી રદ કરવા વિકલ્પે પક્ષકાર તરીકે ડીલીટ કરવાની રજુઆત કરેલ છે. તે હકીકત પરત્વે કાયદાકીય જોગવાઈઓ મુજબ દાવા અરજી અશ:ત રદ કરી શકાય નહી. વધુમાં પ્રતિવાદી નં૩-૪ ના દ્વારા મિલ્કત ઉપર બોજો ઉત્પન કરી લેણું આપેલ તેમજ તે લેણાંની વસુલાત પેટે મિલ્કત જાહેર હરાજીથી વેચાણ કરી દીધેલ છે. આમ, પ્રતિવાદી નં-૩ તથા ૪ હાલના દાવાના કામે જરૂરી પક્ષકાર ન હોવાનું

જણાઈ આવતુ હોય હાલની અરજી પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:હુકમ:–**

(૧) હાલની અરજી અશ:ત મંજુર કરવામાં આવે છે.
(૨) હાલના દાવાના કામે પ્રતિવાદી નં.–૩–૪ ને પક્ષકાર તરીકે ડીલીટ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.
(૩) દાવા અરજીમાં જરૂરી સુધારો કરવો.

તા.૦૮.૦૬.૨૦૨૧
સ્થળ: પલસાણા

હાર્દિક સાગરભાઈ દેસાઈ,
અધિક સીવીલ જજ,
પલસાણા
જજ કોડ: જીજે ૦૧૫૨૬